# રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી બી.સી.એ. કોલેજનું ગૌરવ વધાર્યું



(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ એચ.એલ. કોમર્સ કોલેજ અમદાવાદ દ્વારા અમદાવાદ યુનિવર્સિટી આયોજિત નિબંધ સ્પર્ધામાં બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી બી.કે. મહેતા, આઈ.ટી. સેન્ટર (બી.સી.એ. કોલેજ) પાલનપુરની એસ.વાય., બી.સી.એ.ની વિદ્યાર્થીની કુ. ખૂશ્બુ નરેશકુમાર મકવાણાએ રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં ગુરૂકુળની પરંપરાની ખોટ વર્તમાન શિક્ષણ પ્રથા માટે હાનિકારક છે. તે વિષય પર પ્રથમ સ્થાન મેળવી બી.સી.એ. કોલેજ તથા બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. આ પ્રથમ સ્થાન મેળવવા બદલ એચ.એલ. કોમર્સ કોલેજ, અમદાવાદ યુનિવર્સિટી તરફથી મોમેન્ટો, ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

## અગાઉ કરતા વધુ નાણાં પોતાની પાસે રાખવા પડશે

# મકાનની મૂળ કિંમત ઉપર જ હવે હોમલોન આપવા બેંકોને આદેશ

**રજિસ્ટ્રેશન ફી, સ્ટેમ્પ ડ્યુટી અને ડોક્યુમેન્ટના ખર્ચની જાતે વ્યવસ્થા કરવી પડશે : રિઝર્વ બેંકનો બેંકોને જરૂરી આદેશ : આગામી સપ્તાહથી નવા નિયમ**

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ હોમલોન લઈને મકાન ખરીદવા જઈ રહેલા લોકોને અગાઉની સરખામણીમાં પોતાની પાસે વધારે રકમ રાખવી પડશે. હવે મકાનની મૂળ કિંમત ઉપર જ હોમલોન મળી શકશે. રજિસ્ટ્રેશન ફી, સ્ટેમ્પ ડ્યુટી અને દસ્તાવેજના ખર્ચની વ્યવસ્થા જાતે કરવી પડશે. આ અગાઉ બેંક પ્રોપર્ટી વેલ્યુની લિમિટમાં સ્ટેમ્પ ડ્યુટી, રજિસ્ટ્રેશન ફી અને દસ્તાવેજોના ખર્ચને જોડી દેતી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ અંગે બેંકોને જરૂરી સૂચના મોકલી દીધી છે. બેંકો આગામી સપ્તાહ સુધી આ નિયમને લાગુ કરી દેશે. યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાના કારોબારી ડિરેક્ટર એસ એલ બંસલે કહ્યું છે કે રિઝર્વ બેંકે એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે હોમલોન એ જ વ્યક્તિને આપવામાં આવે જે મકાન ખરીદવાની સ્થિતિમાં છે. સાથે સાથે સમયસર નાણાંની ચૂકવણી કરી શકે તે જ વ્યક્તિને મકાન માટે લોન આપવામાં આવે. હાલમાં હોમલોનના વ્યાજદર ખૂબ જ ઊંચા છે અને પ્રોપર્ટીની કિંમત પણ ખૂબ વધારે છે. ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં સ્ટેમ્પ ડ્યુટી પણ ખૂબ વધારે છે એવી સ્થિતિમાં ડેવલોપર્સનું કહેવું છે કે ૨૦થી ૭૦ લાખ રૂપિયાની કિંમતોના મકાનના વેચાણમાં ઘટાડો થઈ શકે છે. રિઝર્વ બેંકના નવેસરના આદેશમાં બેંકોને હોમલોનની ગણતરી માત્ર મકાનની કિંમતના આધાર પર જ કરવા સૂચના આપવામાં આવી છે. આમા સ્ટેમ્પ ડ્યૂટી, રજિસ્ટ્રેશન ફીને આવરી લઈને હોમલોન આપવા ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. હકીકતમાં ડિસેમ્બર ૨૦૧૦માં રિઝર્વ બેંકે નિયમો બનાવ્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦ લાખથી વધુની કિંમતની પ્રોપર્ટી પર ૮૦ ટકા અને ૨૦ લાખથી ઓછી કિંમતની પ્રોપર્ટી પર ૯૦ ટકાથી વધારે લોન આપવામાં ન આવે. પરંતુ આરબીઆઈના આ નિયમમાં સ્પષ્ટતા નહીં હોવાના કારણે બેંકો સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશનને પણ ઘરની કિંમતમાં સામેલ કરી રહી હતી. આનાથી ગ્રાહકોને મોટી રાહત મળે છે. કારણ કે રજિસ્ટ્રેશનનો ખર્ચ પણ હોમલોનમાંથી નીકળી જાય છે. એમ માનવામાં આવે છે કે આરબીઆઈએ તાજેતરના દિવસોમાં હોમલોનમાં વધી ગયેલી લોનને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે. બેંકો હવે હોમલોન ઓછી આપશે.

# એસઓએસ સંસ્થામાં સગીરા પર બળાત્કાર કેસમાં ગૃહમાતાના જામીન નામંજૂર કરતી કોર્ટ

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ આ ચકચારી કિસ્સાની પુર્વ હકિકતો એવી છે કે, ભુજ તાલુકામાં આવેલ ગડા પાટીયા નજીક આવેલ એસ.ઓ.એસ. સંસ્થામાં અનાથ, ભુકંપપિડિત, તરછોડાયેલા અને કુદરતી કે માનવ સર્જીત આફતના ભોગ બનેલા બાળકોને આ સંસ્થામાં સહારો આપી અને તેમનો ઉછેર અને સર્વાંગી વિકાસ થાય તે માટે તેમનું ઘડતર સંસ્થા દ્વારા કેરટેકર (માતા / ગૃહમાતા) અને અન્ય સ્ટાફની વ્યવસ્થા કરી આવા બાળકોનું લાલન-પાલન અને ઘડતર અને અભ્યાસ કરાવી તેમનો વિકાસ કરવામાં આવે છે. દરમિયાનમાં વર્ષ ૨૦૦૮ના જાન્યુઆરી માસની ૩૧ તારીખે ભુજ તાલુકા પોલીસ સ્ટેશનમાં એસ.ઓ.એસ. સંસ્થામાં રહેતી એક ૧૪ વર્ષની સગીરાએ એવા મતલબની ફરીયાદ કરેલી કે, તેમની સંસ્થામાં તે ભોગ બનનાર છોકરી અને અન્ય છોકરીઓ તેમના કેરટેકર એટલે કે, જેમને તેણી 'મમ્મી' કહીને બોલાવે છે, તેવા કિર્તીકાબેન રાજેશ કાંતીલાલ પરમાર, મુળ મહેસાણાવાળા અને તેમની સંસ્થામાં સીક્યુરીટી ગાર્ડ તરીકે કામ કરતા બ્રિજાનંદ ઉર્ફે વિજય સવધબિહારી દુબે મુળ રહેવાસી ઉત્તર પ્રદેશવાળા વચ્ચે ગુપ્ત અને અનૈતિક સંબંધો હતા અને તે બાબતની જાણ આ ભોગ બનનાર બાળાને થઈ ગયેલી. આ સંબંધોની જાણ બાળા પોતે કોઈને કરે નહિ તે માટે જ્યારે આ ભોગ બનનાર બાળા રાત્રે સુઈ ગયેલ હતી, ત્યારે આ આરોપી કિર્તીકાબેન બાળાનો રૂમનો દરવાજો બહારથી કડી મારીને બંધ કરી નાખેલો અને તે વખતે મધ્યરાત્રીએ આરોપી સીક્યુરીટી ગાર્ડ રૂમની અંદર જઈ અને આ બાળા સાથે જબરજસ્તી કરી તેના બંને હાથ પકડી લઈને તેની સાથે બળજબરીથી બળાત્કાર કરેલો અને બળાત્કાર બાદ તેણે છોકરીના મોઢામાં તેણે એક ગોળી જબરદસ્તીથી મુકી દીધેલી પરંતુ આ બાળાએ ગોળીનો સ્વાદ ખરાબ લાગતા તરત જ થુંકી દઈને રડતાં-રડતાં મમ્મી-મમ્મી બુમો પાડતાં કિર્તીકાબેન અંદર આવેલા ત્યારે ભોગબનનાર બાળાએ પોતાને પેટ અને ગુપ્ત ભાગે દુઃખાવાની ફરીયાદ કરતાં કિર્તીકાબેને તેને શાંતીથી સુઈ જવાનું જણાવેલું અને તે વખતે બાળા રડતી હતી અને મમ્મી કિર્તીકાને ફરીયાદ કરતી હતી તે વખતે આરોપી બ્રિજાનંદે એવું કહેલું કે, મને તારી પાસે આ તારી મમ્મીએ જ મોકલાવેલ છે. બાદમાં બીજા દિવસે બાળા છઠ્ઠા ધોરણમાં માધાપરમાં વિદ્યાલયમાં અભ્યાસ કરતી હોવાથી ત્યાં જતાં કિર્તિકાબેને ભોગબનનાર બાળાને ઢીકાપાટુનો માર મારી અને વાળ ખેંચીને આ હકીકત કોઈને પણ નહિ જણાવવા જણાવેલું અને કોઈને કહેશો તો તેના ટાંટીયા ભાંગી નાખશે. આ બાબતની ફરીયાદને આધારે તાલુકા પોલીસે તપાસનો દોર શરૂ કરતાં મુખ્ય આરોપી બ્રિજાનંદ ભાગી ગયેલો અને યુ.પી.તેમના વતન ખાતે પોલીસ જતાં ત્યાં પણ મળી આવેલો નહિં. અને પોલીસે કિર્તિકાની ધરપકડ કરતાં તેણે સેશન્સ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન ઉપર છુટવા માટે અરજી કરતાં તેની સુનાવણી થઈ

(અનુસંધાન ત્રીજે પાને)

## દેશભરમાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટને અંજામ આપનાર

# ઈન્ડિયન મુજાહીદીનના મુખ્ય સૂત્રધારની અંતે ધરપકડ થઈ

**ઉત્તર પ્રદેશના બારાબંકીથી આઈએમમાં સામેલ થવાની યુવાનોને લાલચ આપનાર શખ્સની ધરપકડઃ વધુ તપાસ**

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીનના ટેરર સેલમાં તપાસ કરનાર દિલ્હી પોલીસની ખાસ ટીમે એક એવા શખ્સની ધરપકડ કરી લીધી છે જે શખ્સ આ આતંકવાદી સંગઠનમાં સામેલ થવા યુવાનોને લાલચ આપી રહ્યો હતો. સાથે સાથે આ યુવાનોને પ્રોત્સાહન આપીને આતંકવાદી સંગઠનમાં સામેલ થવા ફરજ પાડી રહ્યો હતો. અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે તાલ્હા અબ્દાલી ઉર્ફે ઈશરારની ઉત્તર પ્રદેશમાં બારાબંકીમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે ઈન્ડિયન મુજાહીદીન ત્રાસવાદી સંગઠનમાં સ્થાપકો પૈકીના એક તરીકે આ શખ્સ છે. દિલ્હી પોલીસ આ મામલામાં વધુ તપાસ કરી રહી છે. નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં પણ આ શખ્સની નજર રહી હતી. ઝડપાયેલા શખ્સને સોમવારના દિવસે દિલ્હી લાવવામાં આવ્યા બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસનો દાવો છે કે તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ અન્ય કેટલાક શખ્સોની પણ ધરપકડ કરવામાં આવશે. પોલીસ માને છે કે ઈશરાર ઈન્ડિયન મુજાહીદીનના મુખ્ય સૂત્રધાર યાસીન ભટકલ ઉર્ફે શાહરૂખના નજીકના સાગરિત તરીકે છે. નવેમ્બર મહિનામાં દિલ્હીમાં મિલ વિહાર ફેક્ટરીમાંથી ફરાર થઈ ગયા બાદ ભટકલે ઈશરારના નિવાસે આશ્રય લીધો હતો. એવું જાણવા મળ્યું છે કે ઈશરાર ઈન્ડિયન મુજાહીદીન દ્વારા કરવામાં આવેલા જુદા જુદા બ્લાસ્ટ અને તેના ઓપરેશન અંગે માહિતી ધરાવે છે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે ઈશરાર આતંકવાદી સંગઠનના સૌથી મહત્વપૂર્ણ સભ્યો પૈકીનો એક સભ્ય છે અને તે ઈન્ડિયન મુજાહીદીનની દરરોજની પ્રવૃત્તિ સાથે જોડાયેલો છે. દિલ્હી પોલીસે બે દિવસ અગાઉ જ દિલ્હી કોર્ટમાંથી ઈન્ડિયન

(અનુસંધાન ત્રીજે પાને)

**CHAGE OF SURNAME**

OLD NAME : BAT AMINBHAI ISMAILBHAI
NEW NAME : SUNASARA AMINBHAI ISMAILBHAI
ADDRESS : ARODIYA HABU, AREA, AT.-BASU TA. VADGAM, (B.K.)

# બાળકોને તિથિ ભોજન અપાયું

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ પાલનપુર તાલુકાનાં ગઠામણ ગામનાં સસ્તા અનાજના દુકાનદાર પરમાર હસમુખભાઈ રામજીભાઈએ તેમના પુત્ર સ્વ. આદર્શકુમારની પ્રથમ માસિક પુણ્યતિથિએ પુરવઠાનાં નાયબ મામલતદારશ્રી જોષી ગઠામણ ગામનાં સરપંચશ્રી ઈલિયાસભાઈ હાજી તેમજ ગઠામણ પ્રા. શાળાનાં આચાર્યશ્રી રમીલાબેન સી. ગોહિલ તેમજ સમગ્ર શિક્ષક સ્ટાફનાં ભાઈ-બહેનો તથા પરમાર પરિવાર અને ગામના અગ્રણીઓ હાજર રહી શાળાનાકુલ ૪૮૭ બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.

# મહારાષ્ટ્રમાં વધુ એક બોમ્બ સૂટની ખરીદીનું કૌભાંડ પ્રકાશિત

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ મુંબઈમાં થયેલા હુમલા બાદ એક પ્રાઈવેટ કંપની પાસેથી લગભગ ૬ કરોડ રૂપિયાના બોમ્બ સૂટની ખરીદી કરવાના મામલાની તપાસમાં મહારાષ્ટ્ર પોલીસને માહિતી મળી છે તેમાં અનેક નિયમોનું ઉલ્લઘંન કરવામાં આવ્યું છે.

બોમ્બ સૂટની ખરીદી કરવાના મામલે કથિત અનિયમિતતાઓની ફરિયાદ બાદ મહારાષ્ટ્ર પોલીસે તેની તપાસ શરૂ કરી હતી. ટેકનો ટ્રેડ ઈમ્પેક્સ ઈન્ડિય પ્રા. લિ. પાસેથી ૮૦ સૂટ ખરીદવા માટે કોન્ટ્રાક્ટની રકમ એક વર્ષ પહેલા આપવામાં આવી હતી અને સામાનની ડિલીવરી ૨૦૧૦ના રોજ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ સૂટ ઓછી ગુણવત્તાવાળા ગણાવીને તેને નકારી દીધા હતા.

એસીબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે તપાસ પુરી થયા બાદ રિપોર્ટ મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલય મોકલી આપવામાં આવ્યો છે.

# ગોળા મુકામે કોમી એક્તાના માહોલ વચ્ચે ભજન-કિર્તનનો કાર્યક્રમ યોજાયો

**પારાયણમાં સાધુ-સંતોની સાથે ભોજન પ્રસાદ લઈ મુસ્લિમ બિરાદરોએ દક્ષિણા સ્વીકારી**





(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ પાલનપુર તાલુકાના ગોળા ગામે રવિવારે શ્રીરામ ચરિત્રમાનસ પારાયણ તેમજ ભજન-કિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં હિન્દુ સાધુ-સંતો મુસ્લિમ બિરાદરો એક હરોળમાં ભોજન જમ્યા હતા. તેમજ મંદિરના મહંત દ્વારા અપાયેલી દક્ષિણા પણ સ્વીકારી હતી. આ પ્રસંગે ગામના મુસ્લિમ અને હિન્દુ કોમના અગ્રણીઓ એકઠા થઈ કોમી એક્તાના અને સદ્‌ભાવનાના દર્શન કરાવ્યા હતા.

રવિવારે ગોળા હનુમાનજીના પ્રસિદ્ધ મંદિરે ગુરુશ્રી રામચરણદાસજી મહારાજની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે રામચરિતમાનસ પારાયણ અને ભજન-કિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ભોજન-પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. જેમાં ગોળા સહિત તાલેપુરા, નૈતરા, કરીમપુરા ગામના હિન્દુ અને મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે મુસ્લિમ બિરાદરોએ આ પ્રસંગે મહંતશ્રી સ્વામી વિશ્વભરદાસજી મહારાજ (કોટેશ્વર), મહંત નિર્મલદાસજી મહારાજ (ભટાણા), મહંતશ્રી હરદયાલજી મહારાજ (હાથીદરા), મહંતશ્રી હરદેવપુરીજી મહારાજ (જસપુરીયા), મહંતશ્રી દોલતપુરીજી મહારાજ (રૂપપુરા)ની સાથે અન્ય સાધુ-સંતોની હરોળમાં ભોજન-પ્રસાદ લઈ કોમી એક્તાના દર્શનકરાવ્યા હતા. તેમજ મંદિરના મહંતશ્રી મુનીજી મહારાજ દ્વારા અપાયેલી દક્ષિણા સ્વીકારી સદ્‌ભાવના ઉજાગર કરી હતી. આ કાર્યક્રમમાં ગોળા ગામના સરપંચ રણજીતસિંહ રાણા તેમજ અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ૫૫ બેઠકો માટે કુલ ૮૬૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

# ઉત્તર પ્રદેશમાં આજે સઘન સુરક્ષા વચ્ચે પ્રથમ તબક્કા માટે મતદાન

**પ્રથમ તબક્કામાં બે પ્રધાન, ૩૧ ધારા સભ્યો અને ૧૫ ભુતપૂર્વ પ્રધાનો પણ મેદાનમાં : શાંતિપૂર્ણ મતદાન માટે ખાતરી કરવા અભુતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા**

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ હાઈ વોલ્ટેજ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાના મતદાન માટેની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. આવતીકાલે પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે. દસ જિલ્લાઓને આવરી લેતી ૫૫ વિધાનસભા બેઠકો માટે પ્રથમ તબક્કામાં મતદાન થશે. ૧.૭૦ કરોડથી વધુ મતદારો ૮૬૨ ઉમેદવારોના ભાવિનો ફૈસલો કરવા ખૂબ જ ઉત્સુક છે. ઉત્તર પ્રદેશમાં ચૂંટણીને લઈને ૨ લાખથી વધુ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં રાજ્ય પોલીસ અને કેન્દ્રીય દળોનો સમાવેશ થાય છે. ૬૮૫૫ મતદાન મથકોને અતિસંવેદનશિલ જાહેર કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં બે પ્રધાનો, ૩૧ ધારાસભ્યો અને ૧૫ ભૂતપૂર્વ પ્રધાનોના ભાવિનો પણ ફૈસલો થશે. સઘન સુરક્ષા વચ્ચે સીતાપુર, બારાબંકી, ફૈઝાબાદ, આંબેડકર નગર, બાહરેચ, શ્રવસ્તિ, બલરામપુર, ગોન્ડા, સિદ્ધાર્થનગર અને બસ્તીમાં મતદાન થશે. શાસક બસપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ભાજપની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગેલી છે. આવતીકાલે યોજાવનારી ચૂંટણીમાં કેબિનેટ પ્રધાન લાલજી વર્મા, બેની પ્રસાદ વર્માના પણ ભાવિનો ફૈસલો થશે. ગોન્ડાના શાંસદ બેની પ્રસાદ વર્માની કસોટી થનાર છે. વર્મા કુરમી મતબેંક ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીમાં ૫૫ સીટ પૈકી બસપ મહત્તમ ૩૦ સીટો જીતી હતી. તેના માટે આ વખતે ડુ ઓર ડાઈ જેવી સ્થિતિ છે. વર્ષ ૨૦૦૭માં ભાજપે અહી માત્ર ૪ બેઠકોમાં જીત મેળવી હતી.

ઉત્તર પ્રદેશમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ગઈકાલે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. આની સાથે જ પ્રથમ તબક્કામાં આઠમી ફેબ્રુઆરીના દિવસે યોજાનાર મતદાન માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા મતદારો ઉત્સુક દેખાઈ રહ્યાં

(અનુસંધાન ત્રીજે પાને)

## આજે જ્યાં ચૂંટણી યોજાનાર છે ત્યાં

# વર્ષ ૨૦૦૭માં બસપે કુલ ૩૦ સીટ જીતી લીધી હતી

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. પ્રથમ તબક્કામાં આવતીકાલે ૫૫ બેઠકો પર મતદાન યોજાનાર છે. વર્ષ ૨૦૦૭ના રેકોર્ડ પર રેકોર્ડ પર નજર કરવામાં આવે તો માયાવતીના નેતૃત્વમાં બહુજન સમાજ પાર્ટીએ આ ૫૫ બેઠકો પૈકી ૩૦ બેઠકોમાં જીત મેળવીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. હવે આ વખતે બહુજન સમાજ પાર્ટીની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર લાગેલી છે. વર્ષ ૨૦૦૭માં ભાજપ આ બેઠકો પૈકી ૪ બેઠકોમાં જીત મેળવી હતી. જ્યારે સમાજવાદી પાર્ટીએ ૧૮ અને ભાજપે ૪ બેઠકો ઉપર જીત મેળવી હતી. કોંગ્રેસે માત્ર ૩ બેઠકોમાં જીત મેળવી હતી. આ વખતે પણ તમામ રાજકીય પક્ષો આ ૫૫ બેઠકો ઉપર વધુને વધુ સીટ મેળવવાના પ્રયાસમાં છે. ઉત્તર પ્રદેશમાં આ ૫૫ બેઠકો પર કેટલાક સમુદાયની ભુમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. સમાજવાદી પાર્ટી તેની સીટોની સંખ્યા ૧૮થી વધારવા દબાણ હેઠળ છે. આ પ્રદેશમાં પક્ષનો દેખાવ હમેશા સારો રહ્યો છે.

## ૨૦૦૭માં કોને કેટલી બેઠકો મળી હતી

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. વર્ષ ૨૦૦૭માં ૫૫ બેઠકો પર કોણે કેટલી સીટો જીતી હતી તેનું ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ બેઠકો | ૫૫ |
| બહુજન સમાજ પાર્ટી | ૩૦ |
| સમાજવાદી પાર્ટી | ૧૮ |
| ભાજપ | ૪ |
| કોંગ્રેસ | ૩ |

## પ્રથમ તબક્કાનું ચિત્ર.....

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ૨ લાખથી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કાનું ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રથમ તબક્કામાં કુલ બેઠક | ૫૫ |
| પ્રથમ તબક્કામાં કુલ જિલ્લા | ૧૦ |
| પ્રથમ તબક્કામાં ઉમેદવારો | ૮૬૨ |
| સાતમા તબક્કામાં કુલ મતદારો | ૧.૭૦ કરોડ |
| પોલીંગ સ્ટેશનની સંખ્યા | ૧૨૯૦૭ |
| મતદાન મથકોની સંખ્યા | ૧૭૬૪૦ |
| સંવેદનશીલ મથકો | ૬૮૫૫ |
| ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન | ૧૯૪૦૪ |
| સુરક્ષા જવાનો | ૨ લાખ |